જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૧૨/૦૯/૨૦૨૧ રવિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૬૬૫/૨૦૨૧

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૧/૦૯/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૬૫૪ | ૭ | ૧૧૬૬૧ | ૧૭૭૬૫ | ૭ | ૧૭૭૭૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૦૮ | ૦ | ૧૦૮ | ૩૭૪ | ૦ | ૩૭૪ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૭૦૬૦૧ | ૪૬ | ૭૦૬૪૭ | ૭૧૫૭૩ | ૫૬ | ૭૧૬૨૯ |
| કુલ | | ૮૭૦૯૬ | ૫૩ | ૮૭૧૪૯ | ૯૫૯૯૪ | ૬૩ | ૯૬૦૫૭ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૫૯ | ૪,૩૯,૪૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૭૮૫ | ૭,૮૫,૦૦૦/- |

# પાસા અટકાયતની વિગત

## નરોડા પોલીસ સ્ટેશન

## વિશ્વાસઘાત છેતરપિંડી ગુનાના આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી નરોડા પોલીસ"

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જી" ડીવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ તેમજ પોલીસ ઇન્સ્પેકટર શ્રી નાઓની સુચના મુજબ (૧) શહેરકોટડા પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૧૯૧૦૪૧૨૧૦૩૪૩/૨૦૨૧ ઇ.પી.કો. કલમ ૪૦૬, ૪૨૦, ૫૦૬(૧), ૧૧૪ મુજબ (૨) વેજલપુર પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૧૯૧૦૨૮૨૧૦૮૯૧/૨૦૨૧ ઇ.પી.કો. કલમ ૪૦૬, ૪૨૦, ૧૧૪ મુજબ (૩) વેજલપુર પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૧૯૧૦૨૮૨૧૦૯૩૨/૨૦૨૧ ઇ.પી.કો. કલમ ૪૦૬, ૪૨૦, ૧૧૪, ૧૨૦(બી) મુજબ (૪) નરોડા પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૫૨૧૧૨૯૯/૨૦૨૧ ઇ.પી.કો કલમ ૪૦૬, ૪૨૦, ૧૧૪ મુજબના ગુના દાખલ થયેલ જે આરોપી વિરુધ્ધ આધાર રેકર્ડ તૈયાર કરી તેના વિરુધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના ક્રમાંક:પીસીબી/ડીટીએન/પાસા/૪૯૮/ ૨૦૨૧ તા-૧૧/૦૯/૨૦૨૧ ના હુકમ આધારે સદરી આરોપીને તા-૧૧/૦૯/૨૦૨૧ ના કલાક-૨૨/૫૦ વાગે પાસા હુકમની બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.તા-૧૧/૦૯/૨૦૨૧

## આરોપીનુ નામ -

લલીત ચંપાલાલ નાહર (જૈન) ઉ.વ.૪૮ રહે.૪૦૩, શ્યામહરી ફ્લેટ, ભૈરુનાથ રોડ, સરદાર પટેલ સ્કુલ પાસે, મણીનગર, અમદાવાદ શહેર મુળ વતન ગામ-મ.નં.૨, વિનોદનગર, બ્યાવર તા.જી.અજમેર રાજસ્થાન

## કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

સર્વેલન્સ સ્કોડ પો.સ.ઇ. એ.એમ.પટેલ તથા સર્વેલન્સ સ્કોડ સ્ટાફ તથા પી.આઇ. પર્સનલના એ.એસ.આઇ.યોગેશભાઇ સેમ્યુલભાઇ તથા હે.કો. વિરેન્દ્રસિંહ ભગવાનસિંહ બ.નં.૩૫૦૪ તથા પો.કો. જયેન્દ્રસિંહ શંકરજી બ.નં. ૮૩૩૭ પો.કો. કિર્તનસિંહ વિક્રમસિંહ બ.નં.૯૬૪૯ તથા લોકરક્ષક શૈલેષસિંહ ધુળસિંહ બ.નં. ૧૧૭૩૭



**<u>નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૬૬૬/૨૦૨૧</u>**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૪ કેસ કરી, ૪૩ વ્યક્તિઓને ઝડપી, ૨૩૮ લીટર દેશી દારૂ, ૧૧૧ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧ રિક્ષા, ૧ સ્કુટર અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૭,૯૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**<u>તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૬૬૭/૨૦૨૧</u>**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**<u>ઘરફોડઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૬૬૮/૨૦૨૧</u>**

**સેટેલાઈટઃ** જયદ્રથસિંહ અરવિંદસિંહ ચંપાવત (રહે. સુરજ એપાર્ટમેન્ટ આઝાદ સોસાયટી લેન નંબર-૨ આંબાવાડી) એ સેટેલાઈટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૦૯/૨૦૨૧ સવારના ૮/૩૦ થી રાતના ૮/૧૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તીજોરીમાંથી સોનાના દાગીના અને ચાંદીના સિક્કા મળી કુલ કિમત રૂપિયા ૧,૯૩,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.જી.લીંબોલા ચલાવે છે.

**સરખેજઃ** બિસ્મીલ્લાખાન સ/ઓ પુનમખાન પઠાણ (રહે. રેહાન રેસીડેન્સી ક્રેસન્ટ સ્કુલ પાસે અંબર ટાવર પાછળ મકરબા સરખેજ) એ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૦૯/૨૦૨૧ સાંજના ૬/૦૦ થી રાતના ૧૧/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૩૮,૫૦૦/- મળી કુલ રૂપિયા ૧,૭૩,૫૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી.ડી.ડોડીયા ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૬૬૯/૨૦૨૧</u>**

**કૃષ્ણનગરઃ** દિપકભાઇ પ્રકાશભાઇ જીંગલ (ઉ.વ.૨૧) (રહે.જીતેન્દ્ર કોલોની ધુપસિંગની ચાલી સૈજપુર બોઘા) એ અગમ્ય કારણસર તા.૧૦/૦૯/૨૦૨૧ સાંજના ૬/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી નરેશકુમાર મણીલાલ ચલાવે છે.

**બાપુનગરઃ** કુલદીપસિંહ રાકેશસિંહ પવાર (ઉ.વ.૨૭) (રહે.રાજસ્થાનની ચાલી જય એપાર્ટમેન્ટ પાસે હિરાવાડી બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૦૯/૦૯/૨૦૨૧ રાતના ૯/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાના શરીર ઉપર પોતાની જાતે કેરોસીન છાંટી સળગી ગયા હતા. સારવાર માટે તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૧/૦૯/૨૦૨૧ કલાક ૪/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી સી.એન.પરમાર ચલાવે છે.

**ઓઢવઃ** રાજેશભાઈ રસીકભાઈ મકવાણા (ઉ.વ.૪૩)(રહે.ઉમીયાધામ સોસાયટી ગણેશચોકની બાજુમાં અંબિકાનગર ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૧૧/૦૯/૨૦૨૧ સવારના ૧૦/૦૦ થી બપોરના ૧/૦૦ વાગ્યા દરમ્યાન ઉમિયાધામ શોપીંગ સેન્ટર "રીધમ મોડ્યુલર કીચન" નામની દુકાન નંબર-૦૮ ખાતે પંખાના હુકમાં દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ગણપતભાઇ નટવરભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી